ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૭/૪૪૪૩૭૪/બ-૧
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
બ્લોક નં. ૯/૬, સચિવાલય,
ગાંધીનગર.
તા.૨૬/૧૦/૨૦૨૦

પ્રતિ,

1. નિયામકશ્રી (આઈસીડીએસ),
   કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
   ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,
   ગાંધીનગર.
2. તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
   મ્યુનિસિપલ કોર્પોરેશન, ..........................
3. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
   જિલ્લા પંચાયત કચેરી, જિ....................

વિષય: મુખ્યસેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૧૪/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૬/૪૪૪૩૭૪/બ થી મુખ્યસેવિકા, વર્ગ-૩ નું પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવાની સત્તાઓ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવેલ છે. પરંતુ ઠરાવ લાગુ થયા પહેલાના કિસ્સામાં ઉ.પ.ધો. મંજૂર કરવા અંગે ઉલ્લેખ ન હોવાથી એ બાબતે સ્પષ્ટતા કરવાની રહે છે. આ ઉપરાંત જિલ્લા કચેરી દ્વારા મંજૂર થયેલ ઉ.પ.ધો. રીવાઈઝ કરવાની સત્તા બાબતે પણ સ્પષ્ટતા કરવાની રહે છે. આથી ઉક્ત પ્રકારના કિસ્સાઓમાં નીચે દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવાનું નિયત કરવામાં આવે છે:

1. તા.૧૪/૦૮/૨૦૧૭ પહેલા મુખ્યસેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ થયેલ હોય અને પ્રથમ ઉ.પ.ધો. મંજૂર ન થયેલ હોય તેમજ હાલ સીડીપીઓ તરીકે ફરજ બજાવતા હોય અથવા સીડીપીઓ તરીકે નિવૃત્ત થયા હોય એવા કિસ્સામાં જિલ્લા કચેરી દ્વારા ખાતાની વડી કચેરીને પ્રથમ ઉ.પ.ધો.ની મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.
2. વર્ષ ૨૦૦૨ અથવા એ પહેલા મુખ્યસેવિકા તરીકેની સેવાનું પ્રથમ ઉ.પ.ધો. જિલ્લા કચેરી દ્વારા મંજૂર થયેલ હોય અને હાલ સીડીપીઓમાં ફરજ બજાવતા હોય અથવા સીડીપીઓ તરીકે નિવૃત્ત થયેલ હોય એવા અધિકારીએ પ્રથમ ઉ.પ.ધો. નાણા વિભાગની અનુસૂચિ મુજબ રીવાઈઝ કરવા માટે વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

સંબંધિત અધિકારીઓને નિવૃત્તિ વિષયક લાભો મળવામાં વિલંબ ન થાય એ માટે આ અંગેની કાર્યવાહી સત્વરે કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

1. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
2. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.....................
3. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, .......................